ક્રિ.કેસ નં. CC/77262/2024

**આંક - ૦૧ નીચે હુકમ**

**(૧).** સદર કામનું રેકર્ડ ધ્યાને લેતા કામ એ નોન - કોગ્નીઝેબલ છે જેમાં સદર ફરીયાદ ફરીયાદીએ આરોપી દ્વારા ઈ - ચલણના નાણા નહી ભરપાઈ કરતા અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. જેથી ફરીયાદ હકીકત તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ફરીયાદ એ નોન - કોગ્નીઝેબલ ગુનાની છે. જેમાં ફરીયાદીએ આરોપીને સમન્સ - વોરંટ ની બજવણી કરવાની રહે છે.

**(૨).** આમ ઉપરોક્ત કામ એ નોન - કોગ્નીઝેબલ ફરીયાદ છે અને ફરીયાદીએ હાજર રહી કામ આગળ ચલાવવા કાર્યવાહી કરવાની હોય છે અને હાલના કામમાં આરોપીના સમન્સની યોગ્ય બજવણી ફરીયાદી દ્વારા કરવામાં આવેલ નથી અને આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરતા પ્રોસેસ બજે કે વગર બજે પરત આવેલ નથી.

**(3).** વધુમાં **પી.રામચંદ્ર રાવ વિ.કર્ણાટક રાજ્ય-૨૦૦૨(૨) જી.એલ.આર.પાના નં.૧૫૪૯** ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સુપ્રિમકોર્ટમાં માનનીય સાત ન્યાયાધિશોની બેંચે ઠરાવેલ છે કે **"The Criminal Courts should exercise their available powers, such as those under Sections 309, 311, 258 of the code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial"** આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસતંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ-૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.આમ, કાયદાની ઉપરોક્ત પરિસ્થિતિના પ્રકાશમાં હાલના કેસના સંજોગો જોતાં, પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે જેથી હવે પોલીસતંત્રને વધુ સમય આપવો ઉચિત જણાતું નથી. આ સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

**૧.** કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ - ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે તથા આ કામના આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે, આરોપી સામેથી હાજર થાય તો સદરહું કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૩૦૦(૫) મુજબ શરૂ કરવાના ફરીયાદપક્ષના હક્કને આ હુકમથી કોઈ બાધ રહેશે નહી અને તેવા કીસ્સામાં આ કોર્ટ કાર્યવાહી શરૂ કરવાની પરવાગનગી આપેલ છે તેમ ગણાશે.

**૩.** વધુમાં સદર આરોપી ભવિષ્યમાં મળી આવ્યેથી ફરીયાદપક્ષ આરોપી પાસેથી કાયદા મુજબનો દંડ વસુલ કરી શકશે.

હુકમ આજરોજ તારીખ ૨૨ માહે જુન સને ૨૦૨૪ના રોજ જાહેર કર્યો.

તારીખ-૨૨/૦૬/૨૦૨૪

સુરત.

(અમીત રમેશચંદ્ર ત્રિવેદી)

જ્યુડી.મેજી.ફ.ક.(પ્રથમ કોર્ટ) સુરત.

કોડ નં.-જીજે૦૧૩૬૬